# કેતકીબહેનની વાડી

– રમેશ ત્રિવેદી

એક હતાં કેતકીબહેન.

કેતકીબહેનના પપ્પા એમને રોજ વાડીમાં ફૂલ લેવા મોકલે. વાડીમાં કાબર, ભમરાભૈ, ચકલી ને મોર ઊડાઊડ કરે, એમનો શોરબકોર સાંભળીને વાડી તો કંટાળી ગઈ હતી. વાડીને મનમાં થાય. આ ચારેય જણે ભેગાં મળીને મારું તો માથું પકવી નાખ્યું, એમને શાંતિ જાળવવા કેટકેટલી વાર કીધું, પણ પથ્થર પર પાણી! હવે કરવું શું!? એણે તો એકવાર કેતકીબહેનને કરી ફરિયાદ; એ કહે :

**જુઓ, તમે કેતકીબહેન,**
**કાબર કરે કેવાં વેન!**
**કલબલ એવી કર્યા કરે,**
**માથું મારું ભમ્યા કરે!**

કેતકીબહેન કહે : 'ઓહો! એમાં તે શું! હું હમણાં જ કાબરની ખબર લઈ નાખું છું.' એણે કાબરને બોલાવી. કાબર હાજર થઈ ગઈ. કેતકીબહેને એના કાનમાં કશુંક કીધું. કાબરે કાન પકડયા, એણે કીધું : 'હવેથી આવી ભૂલી નહીં કરું હોં! ને તરત એ ઊડી ગઈ.

થોડા દિવસ પછી વાડીએ ફરીથી ફરિયાદ કરી, એ કહે :

**ભમરાભૈને એવી ધૂન,**
**ગાતા ફરતા ગુનગુનગુન,**
**જલદી કરો એવો ઉપાય,**
**ગુનગુનગુન બંધ થાય.**

કેતકીબહેન કહે : 'ઓહો ! એમાં તે શું ! હમણાં એની ખબર લઈ નાખું છું.' એણે તો ભમરાને બોલાવ્યો. ભમરો હાજર! કેતકીબહેને તો એના કાનમાંય કશુંક કીધું. ભમરો કહે : 'હવેથી આવી ભૂલ નહીં કરું, બસ!'ને એ તરત ઊડી ગયો.

વળી પાછા થોડા દહાડા થયા ત્યાં વાડીએ ફરિયાદ કરી; એ કહે :

**શું કે'વું તમને બોલોજી,**
**ચકલી કરતી ચીં ચીં ચીં....**
**કાબર સંગે ફર્યા કરે,**
**ચીં ચીં ચીં કર્યા કરે !**



કેતકીબહેન કહે : 'ઓહો ! એમાં તે શું!...હમણાં ખબર લઈ નાખું છું એની!' એણે તો ચકલીને બોલાવી. ચકલી તો ફરરર કરતી ઊડીને આવી ગઈ.

કેતકીબહેને એના કાનમાંય કશુંક કીધું ને ચકલી કહે : 'કેતકીબહેન, હવેથી આવી ભૂલ નહીં કરું હોં!' ને એય ફરર કરતી ઊડી ગઈ! વળી થોડા દહાડા થયા ને વાડીએ ફરી પાછી ફરિયાદ કરી, એ કહે :

**અંડેરી ગંડેરી રે,**
**મોરલાએ ઝંઝેડીરે**
**ટેંહુક ટેંહુક કરે રે**
**માથું મારું ભમે રે!**

કેતકીબહેન કહે : 'ઓહો! એમાં તે શું! એ મોરનીય હમણાં જ ખબર લઈ નાખું છું!' એણે તો મોરનેય બોલાવ્યો. મોર તો તરત હાજર થઈ ગયો. કેતકીબહેને તો એના કાનમાંય કશુંક કીધું, ને એણેય કીધું : 'કેતકીબહેન, હવેથી હું આવી ભૂલ નહીં કરું હોં!' ને એય તરત ઊડી ગયો.

કેતકીબહેને પછી વાડીને કીધું : 'બોલો, હવે છે કોઈની ફરિયાદ?'

વાડી હવે શું બોલે!? એ તો અચરજ પામી ગઈ !

કેતકીબહેન તો હસવા લાગ્યાં, એ કહે : 'જુઓ, જે કામ બળથી ના થાય, તે કળથી થાય, સમજ્યાંને મારાં વાડીબહેન!'

વાડી કહે : 'કેતકીબહેન, તમે કઈ કળ વાપરી એ તો કહે, જરા!?'

કેતકીએ કીધું : 'જુઓ, કાબર, ભમરો, ચકલી ને મોર આ સૌને મેં એટલું જ કીધું કે : 'તમે આવા ડાહ્યાડમરા થઈને મૂરખનો સંગ કેમ કરો છો !?'

'પછી, શું કીધું ?'

'અરે! વાડી રે વાડી, તમે આટલું જ સમજ્યાં ?....આ દુનિયામાં કોઈ પણ માણસ પોતાને મૂરખ ગણે ખરા?...'

'ના, ગણે હોં! કેતકીબહેન!' વાડી તો ખુશખુશાલ બની ગઈ.

'બસ, ત્યારે, એ બધાં ડાહ્યાં પક્ષી એકબીજાથી છૂટાં પડીને ઊડી ગયાં, હવે તો તમારે નિરાંત થઈ ગઈ. આખો દિવસ શાંતિ.....શાંતિ!...' આમ કહીને કેતકીબહેનેય હસતાં હસતાં એમને ઘેર જતાં રહ્યાં. હવે ?

હવે પાછા થોડા દહાડા પસાર થયા, ત્યાં ફરી પાછી વાડીએ ફરિયાદ કરી! એ કહે :

**કેતકીબહેન, ઓ કેતકીબહેન!**

**પંખી વિના પડે ન ચેન!**

કેતકીબહેન તો આ સાંભળીને શું હસ્યાં.....શું હસ્યાં. એ કહે : ખરાં છો તમે વાડીબહેન! હવે પાછું પંખી વગરેય ગમતું નથી?'

વાડી કહે : 'હા, બહેન, હા!....જરાય ગમતું નથી, હું તો સાવ એકલી પડી ગઈ હોં!....'

કેતકીબહેન કહે : 'ફરી પાછી ફરિયાદ તો નહીં કરોને!?

'નહીં કરું, બસ!.....'

કેતકીએ તો તરત સાદ પાડયો : 'કાબરબહેન, ભમરાભૈ, ચકલીબહેન, અને મોરલાજી!...આવો, વાડીબહેન બોલાવે છે!'

આ શું! સૌ હાજર થઈ ગયાં! ને વાડી તો રાજી રાજી થઈ ગઈ. પછી તો બધાંએ ભેગાં મળીને મજાનાં ગીતો ગાયાં.

■